# ગુજરાતમાં આપ તમામ બેઠકો પર ચૂંટણી લડશે

## તમામ વિધાનસભા બેઠક પર આપ ચૂંટણી લડશે : કેજરીવાલ : ઈસુદાન ગઢવી આપમાં જોડાયા : ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસની દોસ્તી ૨૭ વર્ષ જૂની, બંને ભેગા મળીને ચૂંટણી લડે છે : અરવિંદ કેજરીવાલ

અમદાવાદ,તા.૧૪

તાજેતરમાં જ થયેલી મહાનગરપાલિકાની ચૂંટણીમાં સપાટો બોલાવનારી આમ આદમી પાર્ટી હવે રાજ્યમાં ૨૦૨૨માં આવી રહેલી વિધાનસભા ચૂંટણીની તૈયારીમાં લાગી ગઈ છે. પક્ષે ના માત્ર અમદાવાદમાં પોતાનું નવું કાર્યાલય શરુ કર્યું છે, પરંતુ આજે અમદાવાદ આવેલા અરવિંદ કેજરીવાલની હાજરીમાં પૂર્વ પત્રકાર ઈસુદાન ગઢવી આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. વિધાનસભા ચૂંટણી પૂર્વે ગઢવીની આપમાં એન્ટ્રી પક્ષનું એક મહત્વનું પગલું મનાઈ રહી છે. આજે અમદાવાદમાં પત્રકારો સાથે વાત કરતા કેજરીવાલે એવી જાહેરાત પણ કરી હતી કે આમ આદમી પાર્ટી ૨૦૨૨માં થનારી વિધાનસભા ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠકો પર પોતાના ઉમેદવાર ઉભા રાખશે.



તેમણે એમ પણ કહ્યું હતું કે ગુજરાતમાં બંને પક્ષો ભેગા મળીને ચૂંટણી લડે છે, બંનેએ નક્કી કરી લીધું છે કે ભેગા મળીને ચૂંટણી લડીશું. જેથી તેમને જનતાનો અવાજ સાંભળવાની પણ કોઈ પરવાહ નથી. દિલ્હી મોડેલને ગુજરાતમાં લાગુ કરવા અંગે કેજરીવાલે કહ્યું હતું કે, તમામ રાજ્યના અલગ મોડેલ હોય છે. દરેક રાજ્યની પોતાની સમસ્યા હોય છે તેવામાં ગુજરાતના લોકો પોતાનું મોડેલ જાતે નક્કી કરશે. ગુજરાતમાં ૨૦૨૨ની ચૂંટણી કોના ચહેરા પર લડાશે તે સવાલનો જવાબ આપતા કેજરીવાલે કહ્યું હતું કે ગુજરાતની જનતા જ પક્ષનો ચહેરો હશે. કેજરીવાલે જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ૨૭ વર્ષથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે દોસ્તી ચાલી રહી છે. એવું કહેવાય છે કે કોંગ્રેસ ભાજપના ખિસ્સામાં છે, અને ભાજપને જ્યારે-જ્યારે જરુર પડે ત્યારે માલ કોંગ્રેસ જ સપ્લાય કરે છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાતના વેપારી ડરેલા છે, ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે, શિક્ષણ વ્યવસ્થા ખાડે ગઈ છે. છેલ્લા એક વર્ષમાં કોરોનાકાળ દરમિયાન ગુજરાતને અનાથ છોડી દેવામાં આવ્યું. ઈસુદાનના આપમાં જોડાવા અંગે કેજરીવાલે કહ્યું હતું કે, તેમણે પોતાની કારકિર્દીના પીક પર તેને છોડી રાજકારણમાં જોડાયા છે. સિસ્ટમની બહાર રહી આંદોલન કરી શકાય છે, ડીબેટ કરી શકાય છે, પરંતુ જો સામેવાળા બધા પક્ષ મળેલા હોય અને તેમને સાંભળવાની કોઈ પરવા જ ના હોય ત્યારે કિચડની અંદર ઉતરીને જ સફાઈ કરવી પડે છે. આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યા બાદ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે તેઓ લોકો માટે કંઈક કરવા માગે છે, અને પોતાના આ પ્રયાસો માત્ર ટીવીની ડીબેટ પૂરતા મર્યાદિત ના રહે તે માટે તેઓ રાજકારણમાં જોડાઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના લોકો અવારનવાર કહેતા હોય છે કે તેમની પાસે કોઈ ઓપ્શન નથી, પરંતુ હવે એક ઈમાનદાર ઓપ્શન તેમની સામે છે. ઈસુદાને કહ્યું હતું કે સિસ્ટમને સાફ કરવા માટે તેમાં ઉતરવું જરુરી છે. આ કારણથી જ તેઓ રાજકારણમાં જોડાઈ રહ્યા છે. પોતે કેજરીવાલની રાજનીતિ




તેમજ તેમની સરકારે દિલ્હીમાં કરેલા કાર્યથી પ્રભાવિત થયા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. કેજરીવાલ આજે સવારે અમદાવાદ આવી પહોંચ્યા તે પહેલા તેમણે ગઈકાલે ટ્વીટર પર લખ્યું હતું કે, 'હવે બદલાશે ગુજરાત. કાલે હું ગુજરાત આવી રહ્યો છું, ગુજરાતનાં બધાં ભાઈ-બહેનોને મળીશ.' પોતાના આ ટ્વીટ દ્વારા કેજરીવાલે સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે તેમના પક્ષનો હવે પછીનો ટાર્ગેટ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી છે. ઉલ્લેખનીય છે કે, હાલ સુરતમાં આમ આદમી પાર્ટીની સ્થિતિ સૌથી મજબૂત છે.

### પાલનપુરના મેગ્નેટમેનન બન્યા કુતુહલ રૂપ

## પાલનપુરના નવીન રાવલના શરીર પર ચુંબકીય આકર્ષણ

પાલનપુરના નવીનભાઈ રાવલના નામના વ્યક્તિ મેગ્નેટમેન બની ગયા છે. તેમના શરીર પર ચુંબકીય આકર્ષણ જોવા મળી રહ્યું છે. લોહતત્વ



વધી ગયું હોય તેમ શરીર ઉપર ચલણી સિક્કો, ચાવી, મોબાઈલ અને રિમોટ સહિતની વસ્તુઓ ચોંટી જાય છે. પાલનપુરના નવીન ભાઈ રાવલના શરીર પર છેલ્લા બે દિવસથી લોખંડની કોઈ વસ્તુ ગાડીની ચાવી હોય, મોબાઈલ હોય કે ચલણી સિક્કા હોય તે તેમના શરીર પર ચીપકી જાય છે. જોકે, શરૂઆતમાં નવીનભાઈ વસ્તુઓ તેમના શરીર પર ચીપકી જવા લાગી ત્યારે એક ડરનો એહસાસ થયો હતો. અને તેઓ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં તબીબ પાસે ચકાસણી કરાવવા ગયા હતા. જ્યાં તબીબે પણ પ્રેક્ટીકલ કરતા પોતાની ગાડીની ચાવી કે સિક્કા નવીનભાઈના શરીર પર ચોંટાડીને જોયું ત્યારે ચુંબકની જેમ વસ્તુઓ નવીન ભાઈના શરીર પર ચોટતી હતી. જોકે તબીબો કોઈ ચોક્કસ નિદાન પર પહોંચ્યા ન હતા.

નવીનભાઈ રાવલની હાલત જોઈ પરિવારજનો પણ ચિંતિત જોવા મળ્યા હતા. જોકે, પાલનપુર સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જને આ કેસને તપાસનો વિષય ગણાવ્યો હતો. તેઓએ તપાસ ટીમ દ્વારા વિવિધ ટેસ્ટ કરાવવામાં આવશે તેવું જણાવ્યું હતું.

## સે-૬માં ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો માટે માટે વેક્સિન કેમ્પનુ આયોજન

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલની સુચના અન્વયે ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ ભાજપ અનુસુચિત જાતિ મોરચા દ્વારા કોર્પોરેશનના સહયોગથી કોરોનાના સંક્રમણથી રક્ષણ મેળવવા વેક્સિન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત આવતીકાલે સે-૬ સ્થિત સંત રોહીદાસ મંદિર ખાતે સવારે ૧૦ થી ૪ કલાક સુધી કોવિશીલ્ડ વેક્સિન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોને વેક્સિન અપાશે.આ કોવિશિલ્ડ વેક્સિન કેમ્પમાં ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોને પ્રથમ ડોઝ આપવામાં આવશે જયારે ૪૫ વર્ષથી વધુ વયના જેમણે પ્રથમ ડોઝ લીધો હોય અને ૮૪ દિવસનો સમયગાળો પુર્ણ થયો તેમને વેકિસનનો બીજો ડોઝ આપવામાં આવશે.

## પાલનપુરના આબુ હાઈવે પર આઈસ્ક્રીમના ડેપોમાં લાગી આગ

### આગ પર કાબુ મેળવાય તે પૂર્વે ડેપો બળીને રાખ : અંદાજે ૯૦ લાખનું નુકસાન

પાલનપુરના આબુ હાઈવે પર આઈસ્ક્રીમના ડેપોમાં વહેલી સવારે અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આગમાં સમગ્ર ડેપો બળીને રાખ થઈ જતા લાખો રૂપિયાનું નુકસાન થયું હતું.

પાલનપુર શહેરના આબુ હાઈવે પર હનુમાન ટેકરી નજીક આઈસ્ક્રીમની ડીલરશીપ ધરાવતા વેપારીનો ડેપો આવેલો હતો. જેમાં સવારે અચાનક આગ ભડકી ઉઠી હતી. જેની જાણ થતાં ડેપોના માલિક દોડી આવ્યા હતા. જેઓએ પોતાના ઈકવિપમેન્ટથી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આગે વિકરાળ રૂપ ધારણ કરતા પાલનપુર નગર પાલિકાનો ફાયર ફાઈટર દોડી આવ્યો હતો. જેઓએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

જોકે, આગ પર કાબુ મેળવાયો તે પહેલાં આઈસ્ક્રીમનો ડેપો બળીને રાખ થઈ ગયો હતો. આગને પગલે અંદાજે ૮૦ થી ૯૦



લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું વેપારીએ જણાવ્યું હતું. જોકે, શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.



વડગામ તાલુકાના જલોત્રા ગામ પાસે અરવલ્લીની ગિરિકંદાઓ વચ્ચે પ્રાકૃતિક સૌંદર્યની ગોદમાં ગુરુ ધૂંધલીમલ મહારાજનું સ્થાનક આવેલું છે. જ્યાં આજે જેઠ મહિનાના પ્રથમ સોમવારે ભક્તિનું ઘોડાપુર ઉમટયું હતું.

વડગામ તાલુકાના જલોતરા ગામ પાસે અરવલ્લીની ગીરીમાળામા કુદરતે છુટા હાથે વેરેલા પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે ગુરુ ધુધલીમલ મહારાજની જગ્યા પર્વત પર આવેલ છે. જ્યાં આજે જેઠમાસના પ્રથમ સોમવારે ગુરુમહારાજ પર્વત પર શ્રધ્ધાળુઓનું ઘોડાપુર ઉમટયું હતું. પૌરાણિક માન્યતા મુજબ આ વિસ્તારમાં વસતા લોકોના પ્રથમ દિકરાની ચોટી ગુરમહારાજના પર્વત પર જ ઉતારવામાં આવે છે. આ પરંપરા ને ગુરમહારાજ ના લોટ તરીકે ઓળખાય છે. ત્યારે અનેરી આસ્થાના કેન્દ્ર સમી આ જગ્યા પર જેઠ માસના પ્રથમ સોમવારે તો ભક્તોનું કીડીયારું ઉભરાય છે. ત્યારે આજે પણ જેઠ માસના પ્રથમ સોમવારે પર્વત પર આવેલી પવિત્ર જગ્યા પર લોકોને શિશ ઝુકાવી દર્શન કરી બાધા આખડી પુરી કરતા ધન્યતા અનુભવી હતી.

## શનિ અને રવિમાં કેવડિયામાં પ્રવાસીની સંખ્યાએ રેકોર્ડ તોડ્યો

### એકબાજુ સંક્રમણ ઘટ્યું તો બીજી બાજુ ઘરોમાં કેદ થયેલા લોકો હવે પ્રકૃતિના સાનિદ્યમાં ઉમટી પડ્યા છે

કેવડિયા,તા.૧૪

રાજ્યમાં કોરોના વાયરસસના કેસ ૫૦૦ની અદંર આવી ગયા છે. રાજ્ય સરકારે ૧૧મી જૂનથી તમામ નિયંત્રણો હળવા કરી દીધા છે. એકબાજુ સંક્રમણ ઘટ્યું તો બીજી બાજુ ઘરોમાં કેદ થયેલા લોકો હવે પ્રકૃતિના સાનિધ્યમાં ઉમટી પડ્યા છે. રાજ્યના સૌથી મોટા પ્રવાસન હબ સ્ટેટ્યુ ઑફ યુનિટી ખાતે રવિવારે કોરોનાકાળના સવા વર્ષ દરમિયાન નોંધાયેલી પ્રવાસીઓની સંખ્યાના રેકોર્ડ તોડી નાખ્યા હતા. શનિ રવિની રજામાં આ સવા વર્ષ દરમિયાન સૌથી વધુ સંખ્યામાં પ્રવાસીઓ આવી પહોંચ્યા હતા. કોરોનાની બીજી લહેરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું હતું અને જેને હાલ ૮ જૂનથી ફરી પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. ત્યારે કોરોનાનું સંકર્મણ પણ રાજ્યમાં ઘટ્યું છે જેના કારણે છેલ્લા ૪ મહિનાથી ઘરમાં રહેલા લોકો હવે પ્રવાસન સ્થળો પર આવી રહ્યા છે અને ખાસ હાલ કેવડિયા કોલોની ખાતે બનેલા વિશ્વસના સૌથી ઊંચા સ્ટેચ્યુ, સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે વધુ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ત્યારે ગત શનિવાર અને રવિવારમાં છેલ્લા દોઢ વર્ષ માં પહેલી વાર ૭ હજાર કરતા વધુ પ્રવાસીઓ આવ્યા હતા.

ભૂતાનથી આવેલ પ્રવાસીઓએ વાત કરતા જણાવ્યું હતું કે કોરોનાનું સંકમણ ધટતા અમે ગુજરાતના પ્રવાસે આવ્યા છીએ. ગુજરાતમાં કેવડિયા ખાતે બનાવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે અન્ય જે પ્રોજેક્ટ છે એને જોવા પણ અમે આવ્યા છીએ અને હવે જે જોતા વારંવાર અહીં આવવાનું મન થાય એવું છે. બીજી બાજુ આ વર્ષે ચોમાસુ સારું અને વહેલું છે ત્યારે નર્મદા બંધને આગામી ચોમાસાની ઋતુમાં મહત્તમ સપાટીએ ભરવા નર્મદા નિગમ સજ્જ બન્યું છે. ત્યારે હજુ નર્મદા ડેમ ૫૦ ટકા ભરેલો છે એટલે પાણી ખાલી થાય અને વીજળી વધુમાં વધુ ઉત્પાદન કરી શકે એ માટે રિવરબેડ પાવરહાઉસના ૫ ટર્બાઈન હાલ ધમધમી રહ્યા છે અને ૪૫ હજાર ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. જેને કારણે નર્મદા નદીમાં પાણીનો વિપુલ જથ્થો ઠલવાતા નર્મદા નદી હાલ ૩૦ મીટર થી વધુ પાણી વહી રહ્યું છે જેને કારણે ગરુડેશ્વર પાસે આવેલ વિયર ડેમ કમ કોઝવે ઓવરફ્લો થયો વિયર ડેમનો સુંદર નજારો જોવા પ્રવાસીઓ પણ ઉમટી રહ્યા છે .

### કાર્યયોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીએ કહ્યું કે કોરોનાની પ્રથમ લહેર અને બીજી લહેરને રાજ્ય સરકારે સઘન આરોગ્યલક્ષી પગલાંઓ, થ્રી ટી-ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રિટમેન્ટની સ્ટેટ્રેજી, ફ્રન્ટલાઈન વર્કર્સ, આરોગ્ય કર્મીઓ અને જનતા જનાર્દનના સહયોગથી મહદઅંશે નિયંત્રણમાં રાખવામાં સફળતા મેળવેલી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે કેસોની સંખ્યા ઘટી છે પરંતુ કોરોના વાયરસ હજી ગયો નથી. કોરોના સામેની સમજ અને શિસ્તમાં જરા પણ ઢિલાશ પાલવે તેમ નથી. આપણે દવાઈ ભી, કડાઇ ભી અને જાન ભી હૈ, જહાન ભી હૈ ના પ્રધાનમંત્રીના સંકલ્પ સાથે રોજિંદી પ્રવૃત્તિઓ સંપૂર્ણ સતર્કતા-સાવચેતીથી ચાલુ રાખવાની છે. એટલું જ નહિ વિશ્વના અને આપણા દેશના તજજ્ઞો કોવિડ મહામારીની ત્રીજી વેવ-લહેર આવવાની સંભાવના વ્યકત કરી રહ્યા છે ત્યારે ગુજરાત આ ત્રીજી લહેરનો ઓછામાં ઓછો ભોગ બને અને તેની અસરોને વ્યૂહાત્મક રીતે ખાળી શકાય તેવા હેતુથી રાજ્ય સરકારે એક વિસ્તૃત અને સર્વગ્રાહી રણનીતિ-કાર્યયોજના, એકશન પ્લાન ઘડ્યા છે. આવો આગોતરો એકશન પ્લાન ઘડનારૂં ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે એમ પણ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. આ બધા જ મંતવ્યો અભિપ્રાયો અને કોર કમિટીના વિવિધ નિર્ણયોની ફલશ્રુતિને આખરી ઓપ આપતાં આજે આપણે એકશન પ્લાન-રણનીતિ જાહેર કરી રહ્યા છીયે એમ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું.

### મોંઘવારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોડક્ટ્સની કિંમતોમાં આવેલી તેજીથી મે ૨૦૨૧માં મોંઘવારી દરમાં ખુબ વૃદ્ધિ નોંધાઈ છે. મહિનાના આધાર પર મેમાં ખાદ્યાન્ન જથ્થાબંધ મોંઘવારી એપ્રિલના ૭.૫૮ ટકાથી વધીને ૮.૧૧ ટકા પર પહી છે. તો ફ્યૂલ અને પાવર મોંઘવારી માર્ચના ૨૦.૯૪ ટકાથી વધીને ૩૭.૬૧ ટકા પર આવી ગઈ છે. મેમાં દાળોની મોંઘવારી દરમાં વધારો જોવા મળ્યો છે અને તે એપ્રિલના ૧૦.૭૪ ટકાથી વધીને ૧૨.૦૯ ટકા પર આવી ગયો છે. તો ડુંગળીની મોંઘવારી એપ્રિલના -૧૯.૭૨ ટકાની સરખામણીમાં ૨૩.૨૪ ટકા પર રહી છે. બટાટાનો જથ્થાબંધ મોંઘવારી દર માર્ચના -૩૦.૪૪ ટકાની સરખામણીમાં -૨૭.૯ ટકા પર રહ્યો છે જ્યારે મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો જથ્થાબંધ મોંઘવારી દર એપ્રિલના ૯.૦૧ ટકાથી વધીને ૧૦.૮૩ ટકા પર આવી ગયો છે. એપ્રિલમાં પ્રાયમરી આર્ટિકલ્સની જથ્થાબંધ મોંઘવારી એપ્રિલના ૧૦.૧૬ ટકાથી ઘટીને ૯.૬૧ ટકા રહી છે. તો શાકભાજીની જથ્થાબંધ મોંઘવારી એપ્રિલના -૯.૦૩ ટકાની સરખામણીમાં -૯ ટકા પર રહી છે. મેમાં દૂધની મોંઘવારી એપ્રિલના ૨.૦૪ ટકાથી વધીને ૨.૫૧ ટકા પર રહી છે. તો ઈંડા,માંસ, માછલી મોંઘવારી એપ્રિલના ૧૦.૮૮ ટકાની સરખાણીમાં ૧૦.૭૩ ટકા પર રહી છે.

### કેડિલા વેક્સિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાર્સ કોવ-૨ સામે એન્ટીજન બનાવવાનો નિર્દેશ કરે છે. ખાસ વાત એ છે કે, આ રસીને ૨-૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે સંગ્રહિત કરી શકાય છે. બીજી તરફ ફાઈઝર-બાયોએનટેક રસીની જાળવણી માટે -૭૦ ડિગ્રી સેલ્સિયસ અથવા ઓછામાં ઓછી -૧૫ થી -૨૫ ડિગ્રી સેલ્સિયસ કોલ્ડ ચેઈન જરૂરી છે. અલગ અલગ વેરિએન્ટ સામે ઉપયોગ માટે આ રસી mRNA રસી કરતાં વધુ અનુકૂળ થઈ શકે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

એક તરફ નિષ્ણાતોનું કહેવું છે કે, બાળકોમાં ભાગ્યે જ કોરોનાના ગંભીર સ્વરૂપો જોવા મળે છે. બીજી તરફ કર્ણાટક અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં તાજેતરમાં બાળકોમાં કોરોનાના કેસોમાં વધારો જોવા મળ્યો છે, કેટલાકના મોત પણ થયા છે. કોરોના વાયરસના કેસ સાથે બાળકોમાં બ્લેક ફંગસના કેસ પણ નોંધાયા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મુખ્ય વિજ્ઞાનિક સૌમ્યા સ્વામિનાથને ન્યુઝ૧૮ને જણાવ્યું હતું કે, બાળકો માટે રસી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વધુમાં વધુ માતાપિતા અને શિક્ષકોએ વાયરસના સંક્રમણથી બચાવવા માટે રસી લેવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, અંતે આપણી પાસે બાળકો માટેની રસી આવશે તેવી મને આશા છે. પરંતુ તે આ વર્ષે નહી આવે. જ્યારે કોમ્યુનિટી ટ્રાન્સમિશન પૂરું થાય એટલે શાળાઓ ખોલવી જોઈએ. અન્ય દેશોએ પણ સાવચેતી રાખીને આવું જ કર્યું છે. જો શિક્ષકોને રસી આપવામાં આવે તો તે હરણફાળ હશે. નોંધનીય છે કે, અમેરિકા, કેનેડા, અને યુરોપિયન યુનિયનમાં ૧૨થી ૧૫ વર્ષના બાળકોને રસી આપવાનું કામ ચાલી રહ્યું છે. આ વયજુથના રસીકરણ માટે યુકે દ્વારા પણ ફાયઝર/બાયોનટેકની રસીને માન્યતા અપાઈ છે.

### મહિલાઓ પર થતા અત્યાચારને લઇ ૧૮૧ મહિલા હેલ્પ લાઇનની

## એપ્લીકેશન પાલનપુર કોલેજની છાત્રોને ડાઉનલોડ કરાવાઈ

### એપ્લીકેશન ડાઉનલોડ કરનાર મહિલાને એપમારફત મુસીબતના સમયે મહિલા હેલ્પ લાઇન તેમન પોલીસની તરત મદદ મળી રહેશે : એપ્લીકેશનમાં એડ કરેલા પાંચ વ્યકિતના નંબર પર મુસીબતના સમયે મેસેજ જશે

પાલનપુર

પાલનપુરમાં મહિલા અભિયમ દ્વારા પાલનપુરની જી.ડી.મોદી કોલેજની છાત્રોને મહિલા હેલ્પલાઈનની એપ્લીકેશન ડાઉનલોડ કરાવામાં આવી હતી.જેથી કોઇ પણ મુસીબતના સમયે મહિલાઓને ઝડપથી મદદ મળી રહેશે.

મહિલાઓ ઉપર થતા અત્યાચાર અને શોષણને લઈ ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મહિલાઓને મુસીબતના સમયે ઝડપથી મદદ મળી રહે તે માટે દરેક જિલ્લામાં મહિલા હેલ્પ લાઈન સેન્ટર ઉભુ કરવામાં આવ્યુ છે.જેના થકી મહિલાઓને પોતાના ઘરમાં કે પછી શહેરની કોઈ પણ જગ્યા પર મુશ્કેલી પડે તો આ તેની મદદમાટે મહિલા હેલ્પ લાઈનની ટીમ તેમની મદદે પહોંચે છે.તેજરીતે આજના ડિઝિટલ યુગમાં મહિલાઓને ઝડપથી મદદ મળી રહે તે માટે સરકાર દ્વારા મહિલા હેલ્પલાઈનની એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે.જેથી મહિલાઓ આ એપ્લીકેશનની મદદથી મુસીબતના સમયે હેલ્પ લાઈનની ટીમની મદદ મેળવી શકે છે.જેના ભાગ પાલનપુર ૧૮૧ મહિલા અભિયમના કાઉન્સીલર લક્ષ્મીબેન સોલંકી અને મહિલા પોલીસ મીનાક્ષીબેન ઠાકોર દ્વારા શનિવારના રોજ પાલનપુર જી.ડી.મોદી કોલેજ બહાર ઉભા રહી કોલેજમાં આવતી છાત્રોને મહિલા હેલ્પલાઈનની એપ્લીકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી.




## કોરોનાની બીજી વેવમાં ગુજરાતે બહુ હાલાકી ભોગવી : મોઢવાડિયા

અમદાવાદ, તા. ૧૪

ગુજરાત અને ભારતમાં કોરોનાની બીજી વેવમાં સરકારની પુરતી તૈયારીના અભાવે અનેક લોકોએ જીવ ગુમાવ્યા અને કરોડો લોકોએ હાલાકી ભોગવવી પડી હતી. ત્યારે આ અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યુ હતુ કે કોરોનાના પ્રથમ વેવ સમયે જે લોકડાઉન થયુતે ગુજરાત અને ભારતના ઈતિહાસની કલંકરૂપ ઘટના હતી. કેન્દ્ર સરકારના અણઘડ નિર્ણયને કારણે હજારો, લાખો લોકોને મહિનાઓ સુધી ઘરની બહાર રહેવુ પડ્યુ અને અનેક લોકો મોતને ભેટ્યા.

અર્જુન મોઢવાડિયાએ વધુમાં ઉમેર્યુ હતુ કે જ્યારે કોરોનાની સ્થિતી સુધરતી હતી, ત્યારે ભાજપના દિગ્ગજ નેતાઓએ સુપર સ્પેડર બનીને કોરોનાની બીજી વેવને આમંત્રણ આપ્યુ. જેની સામે કોરોનાના બીજા વેવ માટે ગુજરાત સરકારની કોઈ તૈયારી ન હતી. જેના કારણે હજારો લોકો ઓક્સિજન, વેન્ટિલેર, દવાઓના અભાવે મોતને ભેટ્યા. જે રીતે બંગાળનો દુકાળ અંગ્રેજ શાસનની સૌથી કલંકરૂપ ઘટના હતી, તેમ કોરોનાનો બીજો વેવ ગુજરાતમાં તમામ સરકારના શાસનની સૌથી કલંકરૂપ ઘટના છે. તેના માટે એકમાત્ર જવાબદાર રાજ્યની ભાજપ સરકાર છે. ઈતિહાસના પાના ઉપર આ ઘટના કાળાઅક્ષરે લખાશે. જેની જવાબદારી સ્વિકારી રાજ્યની ભાજપ સરકારે પોતાની નિષ્ફળતાઓ અને બેદરકારીની તપાસ હાઈકોર્ટના સીટીંગ જજ પાસે કરાવવી જોઈએ. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ગુજરાતના પ્રવાસ અંગે અર્જુન મોઢવાડિયાએ જણાવ્યુ હતુ કે ૨૦૨૨ની વિધાનસભાની ચુંટણી નજીક આવે છે, એટલે સ્વાભાવિક છે કેરાજકીય પાર્ટીઓ નાનો-મોટો લાભ લેવા માટે ગુજરાતમાંઆવે. આમ આદમી પાર્ટી પણ એજ રીતે ગુજરાતમાં આવી છે, તેની સામે કોઈએવાંધો લઈ શકાય નહીં. અમારુ માત્ર કહેવાનું એટલુ જ છે કે ગુજરાતની જનતાએ ક્યારેય ત્રીજો વિકલ્પ સ્વિકાર્યો નથી. ગુજરાતના લોક પ્રિય અને દિગ્ગજ નેતાઓએ પણ ત્રીજા વિકલ્પ તરીકે પોતાની પાર્ટીઓની સ્થાપના કરી હતી.

ટ્યુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧